# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત વિજ્ઞાન પ્રવાહની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ, વહીવટી કર્મચારીશ્રીઓ, વાલીઓ તથા વિદ્યાર્થીઓને જણાવવાનું કે ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા(ધોરણ-૧૨) વિજ્ઞાન પ્રવાહના ઉમેદવારોની પ્રાયોગિક પરીક્ષા તા.૦૨/૦૩/૨૦૨૨ થી શરૂ થનાર છે. પરીક્ષાર્થીઓના પ્રવેશપત્ર(હોલટીકીટ) તા.૨૨/૦૨/૨૦૨૨ થી બોર્ડની વેબસાઇટ **sciprac.gsebht.in** અથવા **gsebht.in** અથવા **gseb.org** પરથી શાળા દ્વારા શાળાનો ઇન્ડેક્ષ નંબર તથા શાળાનો નોંધાયેલ મોબાઇલ નંબર અથવા Email ID દ્વારા લોગઇન કરી ડાઉનલોડ કરી શકાશે. પ્રવેશપત્ર(હોલટીકીટ)ની પ્રિન્ટ કાઢીને પરીક્ષાર્થીના માર્ચ-૨૦૨૨ પરીક્ષાના આવેદનપત્ર મુજબના વિષયો/માધ્યમની ખરાઇ કરીને તેમાં પરીક્ષાર્થીની સહી, પરીક્ષાર્થીના વર્ગ શિક્ષકની સહી તેમજ નિયત જગ્યાએ આચાર્યશ્રીના સહી-સિક્કા કરીને પરીક્ષાર્થીઓને આપવાની રહેશે. પ્રવેશપત્ર(હોલટીકીટ) સાથે ઓનલાઇન મૂકવામાં આવેલ પ્રવેશપત્ર વિતરણ યાદીની પ્રિન્ટ કાઢીને પરીક્ષાર્થીને પ્રવેશપત્ર(હોલટીકીટ) આપ્યા બદલની સહી પરીક્ષાર્થી પાસેથી લેવાની રહેશે. જેની તમામ સંબંધિતોને નોંધ લેવા અને સમયમર્યાદામાં પરીક્ષાર્થીઓને પ્રવેશપત્ર(હોલટીકીટ) આપવા જણાવવામાં આવે છે. પરીક્ષાર્થીના વિષયો, માધ્યમ કે અન્ય કોઇ વિગતમાં વિસંગતતા જણાય તો બોર્ડની ગાંધીનગર ખાતેની કચેરીની વિજ્ઞાનપ્રવાહ(ક) શાખાનો જરૂરી આધારો સાથે સંપર્ક કરવો.

(જે.જી.પંડ્યા)
નાયબ નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

<u>તારીખ</u>:૨૨/૦૨/૨૦૨૨
<u>સ્થળ</u>: ગાંધીનગર